કાળજી-સર્તકતાથી કોરોનાનો પગપેસારો રોકાશે : રૂપાણી

ગુજરાતમાં તમામના સહકારના લીધે જ ઝીરો પોઝિટિવ કેસ છે : હોસ્પિટલમાં સારવાર અને નિદાનની તમામ સુવિધા : એસટી સ્થળો, બસ સર્વિસ સેનેટાઇઝ

ગાંધીનગર, તા. ૧૭

કોરોના વાયરસને લઈને ગુજરાતમાં કોઈપણ કેસ નોંધાયો નથી છતાં ગુજરાતમાં પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે પ્રજાજોગ જાહેર અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, તમામ લોકો સાથે મળીને વિશેષ કાળજી અને તકેદારી રાખીને કોરોનાનો પગપેસારો ગુજરાતમાં રોકવાના પ્રયાસો કરવાની જરૂર છે. રાજયની હોસ્પિટલમાં સારવાર અને નિદાનની તમામ સુવિધા ઉભી કરાઈ છે. જાહેર પરિવહન સેવાના સ્થળો, એસટી બસ અને શહેરી બસ સેવાઓ દરરોજ સેનિટાઈઝ કરવામાં આવી રહી છે. રાજય બહારથી આવનાર પ્રવાસીઓ અને મુલાકાતીઓનું ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર સ્ક્રિનિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. કોરોના વાયરસથી બચવા માટેની માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી છે. તમામને પાળવામાં આવે તે જરૂરી છે.

રાજય સરકાર કોરોના વાયરસથી રાજયના નાગરિકો અને પ્રજાજનોને સલામત રાખવા માટે સજ્જ છે. મુખ્યમંત્રીએ અપીલ કરતા કહ્યું હતું કે, ભારતમાં પણ કોરોના વાયરસ જોવા મળ્યો છે પરંતુ ગુજરાતમાં આરોગ્ય વિભાગની સતર્કતા અને સરાહનીય પગલા અને જનતા જનાર્દનની જાગૃકતાના લીધે ઝીરો કેસ છે. ગુજરાતમાં રાજય સરકારે શરૂઆતથી જ તકેદારીના અનેકવિદ પગલા લીધા છે. ઈન્ટરનેશનલ એરપોર્ટ અમદાવાદ, સુરતમાં રાજય બહારથી આવનાર મુલાકાતીઓની સ્ક્રિનિંગ કરવામાં આવી રહી છે. ભારત સરકાર અને ડબલ્યુએચઓની માર્ગદર્શિકા પ્રમાણે અસરગ્રસ્ત દેશોમાંથી આવતા પ્રવાસીઓની ત્રણ કેટેગરીમાં વિભાજન કરીને જરૂર જણાય તો આઈસોલેટ અથવા તો કોરેન્ટાઈન પણ કરી રહ્યા છીએ. રાજયની હોસ્પિટલોમાં પુરતી વ્યવસ્થા ઉભી કરવામાં આવી ચુકી છે. ગુજરાતમાં શાળા કોલેજોમાં બાળકો અને અન્યોમાં રોગ ન ફેલાય તે માટે શાળા કોલેજો, ટ્યુશન ક્લાસીસ, સિનેમાઘરો, સ્વિમિંગપુલ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

જાહેર પરિવહન સેવાના સ્થળો, એસટી બસ ડેપો, એસટી બસ, શહેરી બસ સેવા દરરોજ સેનેટાઈઝ કરવામાં આવી રહી છે. આ વાયરસ ડ્રોપલેટથી ફેલાઈ રહ્યો છે જેથી જાહેરમાં થુકવા પર પ્રતિબંધ મુકાયો છે. સાથે મળીને સામાન્ય ઉપાય હાથ ધરવાની જરૂર છે. હાથ મિલાવવાના બદલે નમસ્તે અભિવાદન કરવાની જરૂર છે. ઉદરસ કે છીંક શર્ટની બાય અથવા રુમાલ ખાવી, કફ અટીકેટ જાળવવી જોઈએ. સિનિયર સિટિઝનો જેમની વય ૬૦થી ઉપર છે તેમને પણ સાવચેતી રાખવાની જરૂર છે.

ડાયાબિટીસ, હાયપરટેન્શન અને અસ્થમા જેવી તકલીફ ધરાવતા લોકોને હોમ કોરેન્ટાઈન રહેવાની જરૂર છે. સાડા છ કરોડ ગુજરાતી લોકોએ રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કહેવામાં આવી રહેલા પગલામાં સહકાર કરી રહ્યા છે. આજ કારણસર ગુજરાતમાં કોરોનાનો પગપેસારો થયો નથી. જો કાળજી અને આરોગ્ય પ્રત્યે સચેત રહીશું તો ભવિષ્યમાં પણ આ વાયરસ ગુજરાતમાં પ્રવેશ કરશે નહીં.

કોંગ્રેસ ધારાસભ્યોએ ગૃહમાં પ્રવેશ પૂર્વે કોરોના ટેસ્ટ કરાવે

વિધાનસભામાં પ્રવેશ મુદ્દે નીતિન પટેલનું નિવેદન : હવે નર્મદા અને કડાણાનું પાણી ૨૦ દિવસ વધુ આપવાની જાહેરાત : ખેડૂતોની માંગને ધ્યાનમાં લઇ સરકારનો નિર્ણય

ગાંધીનગર,તા.૧૭

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આ ધારાસભ્યોના ગુજરાતમાં પરત આવવા પર અને વિધાનસભા પ્રવેશ પર મોટું નિવેદન આપ્યું છે. નીતિન પટેલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, વિધાનસભાના અધ્યક્ષ પરવાનગી આપશે તો રાજસ્થાન ગયેલા કોંગ્રેસના સદસ્યોની એક કસોટી થશે.

કોંગ્રેસના ધારાસભ્યોએ આ કસોટીમાં ખરા ઉતરવું પડશે. નીતિન પટેલે ઉમેર્યું કે, ગુજરાત કરતાં રાજસ્થાનમાં કોરોના વાયરસનો કહેર વધારે છે. આ સ્થિતિમાં કોંગ્રેસના સદસ્યો જયપુરના રિસોર્ટમાં રોકાયેલા છે. રાજયની સ્વાસ્થ્ય અને સલામતીને ધ્યાનમાં રાખતા આ તમામ સદસ્યોના વિધાનસભા ગૃહમાં પ્રવેશ કરતા પહેલાં કોરોના વાયરસના ટેસ્ટ કરાવવા જોઈએ. જો વિધાનસભા અધ્યક્ષ મંજૂરી આપશે તો રાજસ્થાન ગયેલા વિધાનસભાના સદસ્યોનાં સ્વાસ્થ્યની ચકાસણી કરાશે. જે ધારાસભ્યોનું સ્વાસ્થ્ય સારૂ હશે તેને જ ગૃહમાં પ્રવેશ મળે તેવું મારૂ આરોગ્ય મંત્રી તરીકે મંતવ્ય છે. નીતિન પટેલના આ નિવેદનને લઈ ફરી એકવાર રાજકારણ ગરમાયું છે. ખાસ કરીને કોંગ્રેસમાં આ નિવેદનને લઈ વિરોધના સૂરમાં પ્રત્યાઘાત સામે આવી રહ્યા છે.

દરમ્યાન નર્મદા અને કડાણા ડેમમાંથી ખેડૂતોને વધુ ૨૦ દિવસ પાણી પુરૂ પાડવામાં આવશે એમ સ્પષ્ટ કરતાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, રાજય સરકારે ખેડૂતોની માંગણીને ધ્યાનમાં રાખી અને સિંચાઈ માટે નર્મદા અને કડાણાનું પાણી તા.૧૫ માર્ચથી બંધ કરવાનો જે નિર્ણય હતો તે સ્થગિત કર્યો છે. વધુ દિવસ પાણી પૂરૂ પાડવા ખેડૂતોની માંગણી હતી તેના કારણે હવે આગામી ૨૦ દિવસ વધુ કડાણા અને નર્મદાનું પાણી ખેડૂતોને મળશે. ખેડૂતો અને સ્થાનિક આગેવાનોની માંગણી મુદ્દે મુખ્યમંત્રી સાથે વિમર્શ કરી આ નિર્ણય કરવામાં આવ્યો છે.

ડીસા આદર્શ હાઈસ્કૂલ રોડ પર વધુ એક કાર સળગી

ડીસામાં સોમવારે ચન્દ્રલોક રોડ ઉપર એક કાર સળગ્યા બાદ મંગળવારે પણ આદર્શ હાઈસ્કૂલ નજીકના રોડ ઉપર બપોરના સુમારે વધુ એક કાર એકા એક સળગી ઉઠતા ભારે દોડધામ મચી જવા પામી હતી. જો કે સ્થાનિક દુકાનદારોએ સમયસૂચકતા વાપરી તાબડતોબ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવતા મોટી દુર્ઘટના ટળી ગઈ હતી પરંતુ કારને વ્યાપક નુકશાન થવા પામ્યું હતું.

અરવલ્લીમાં સ્ટેટ વિજિલન્સ ત્રાટકી

શામળાજી નજીક ખેરગામ પાસેથી સ્વીફ્ટ કારમાંથી ૧.૨૩ લાખનો વિદેશી દારૂ સાથે બે શખ્સોને દબોચ્યા

શામળાજી, તા. ૧૭

ગુજરાતમાં અરવલ્લી જીલ્લાની રતનપુર ચેકપોસ્ટ માર્ગે વિદેશી દારૂ ઘુસાડવા માટે સિલ્ક રૂટ તરીકે જાણીતો છે. આંતરરાજય ચેકપોસ્ટ હટાવ્યા પછી તો બુટલેગરો માટે લાલ જાજમ પાથરી હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. પરપ્રાંતીય બુટલેગરો ગાંધીનગરના છુપા આશીર્વાદથી લાઈનો ચલાવી વિદેશી દારૂનો જથ્થો મોટા પ્રમાણમાં ઠાલવી રહ્યા છે. સ્ટેટ વિજિલન્સની ટીમે શામળાજી પોલીસને ઉંઘતી રાખી ખેરગામ નજીકથી વિદેશી દારૂ ભરી પસાર થતી સ્વીફ્ટ કારમાંથી ૧.૨૩ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી બે શખ્સોને દબોચી લીધા હતા. સ્વીફ્ટ કારમાં કુખ્યાત બુટલેગર ભરત લંગડાએ અને તેના સાગરીતોએ વિદેશી દારૂ ભરી આપ્યો હતો અને આ જથ્થો અમદાવાદ નરોડાના બુટલેગરને જથ્થો પહોંચાડવાનો હોવાની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. શામળાજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે. બીજીબાજુ શામળાજી પોલીસ અગમ્ય કારણોસર આંખ આડા કાન કરી સબ સલામતના દાવાઓ કરી રહી હોય તેમ બુટલેગરોને છૂટોદોર મળી ગયો છે.

સ્ટેટમોનીટરીંગ સેલના પીએસઆઈ એચ.વી. ચૌધરી અને તેમની ટીમે શામળાજી નજીક ખેરાબ્રીજ નીચે ખેરા ગામ પાસે વાહનોનું ચેકીંગ હાથ ધરી રાજસ્થાન તરફથી આવતી સ્વીફ્ટ કાર (ગાડી. નં-જીજે-૦૧-આરએફ-૨૫૯૦)ને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૭૩૧ કિં. રૂ. ૧૨૩૨૦૦નો જથ્થો જપ્ત કરી દિપક સુરેશ ખરાડી અને અમરત કસરાજી ખરાડી (બંને રહે. રાજસ્થાન)ને ઝડપી પાડી મોબાઈલ નંગ-૨, સ્વીફ્ટ કાર તથા આરોપીઓ પાસેથી મળી આવેલ રોકડ રકમ-૧૯૧૫ મળી કુલ રૂ. ૫૨૯૬૧૫/નો મુદ્દામાલ જપ્ત કરી સ્વીફ્ટ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી આપનાર ચિરાગ પ્રકાશચંદ્ર પંચોલી, ભરત ઉર્ફે ભરત લંગડો ઉદેલાલ ડાંગી, રોનક કલાલ, રામલાલ (તમામ રહે. રાજસ્થાન) અને વિદેશી દારૂ મંગાવનાર બુટલેગર વિરુદ્ધ શામળાજી પોલીસસ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

હિંમતનગર એસ.ટી. ડીવીજન દ્વારા કર્મચારીઓને મફત માસ્ક અપાશે

ગુજરાતમાં વિવિધ સ્થળે મુસાફરોને બસ મારફતે પહોંચાડતા એસ.ટી. નિગમના કર્મચારીઓની સલામતી માટે નિગમે અનેક અગમચેતીના પગલા લેવાનું શરૂ કર્યું છે. ત્યારે હિંમતનગર એસ.ટી. ડિવીજનમાં આવતા નવ ડેપોના અંદાજે ૪૦૦૦ કર્મચારીઓને નિગમ દ્વારા સલામતી માટે માસ્કનું મફત વિતરણ કરવાનું નક્કી કરાયું છે. જે મુજબ મંગળવારથી હિંમતનગરના મોતીપુરા સ્થિત એસ.ટી.ના વર્કશોપમાં માસ્ક બનાવાઈ રહ્યાં છે. આ અંગે હિંમતનગર વિભાગીય કચેરીના અધિકારી એસ.જી. રાવલના જણાવાયા મુજબ હિંમતનગર ડીવીઝનના તાબામાં આવતા ૯ ડેપોના તમામ કર્મચારીઓને કોરોના વાયરસની અસરોથી બચાવી શકાય તે માટે એસ.ટી. નિગમ ચિંતીત હોય તે સ્વાભાવિક છે. ડીવીઝનના હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા, બાયડ, ભિલોડા, વિજાપુર, માણસા અને મોડાસા ડેપોમાં મળી અંદાજે ૪૦૦૦ કર્મચારીઓ ફરજ બજાવે છે. ખાસ કરીને એક સ્થળેથી બીજા સ્થળે મુસાફરોને લાવતા લઈ જતા ડ્રાઈવર અને કંડક્ટરોની સુખાકારીને ધ્યાનમાં રાખીને એસ.ટી. નિગમે ખાસ માસ્ક બનાવી તેનું વિતરણ કરવાનું નક્કી કર્યું છે.

જાહેરમાં થુંકશો તો દંડ ભરવા તૈયાર રહો : હિંમતનગર પાલિકાએ કાર્યવાહી શરૂ કરી

હિંમતનગર, તા. ૧૭

કોરોના વાયરસને પગલે ગુજરાતનું વહીવટીતંત્ર ખુબજ સભાન બનીને લોકોમાં જાગૃતિ આવે તે આશયથી જાહેરનામા પ્રસિદ્ધ કરીને પગલા લેવાનું શરૂ કર્યુ છે. ત્યારે સોમવારે સાબરકાંઠાના કલેક્ટરે તાત્કાલીક જાહેરનામું જારી કરીને જાહેરમાં થુંકનાર વ્યક્તિ પાસેથી દંડ વસુલવાનું ફરમાન કર્યુ છે. જેના પગલે સોમવારે અને મંગળવારે હિંમતનગર નગરપાલિકાએ લગભગ ૧૫ લોકો પાસેથી ૫૦ દંડ વસુલવાની કાર્યવાહી શરૂ કરતા અન્ય લોકો આવી હરકતો કરતા વિચાર કરી રહ્યા છે.

આ અંગે નગરપાલિકાના આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જિલ્લા કલેક્ટર સી.જે. પટેલે સોમવારે જારી કરેલા કોરોના વાયરસ સંદર્ભે લોકોમાં જાગૃતિ આવે તે માટે કેટલીક જોગવાઈઓને આધિન રહી જાહેરનામામાં તેનો ઉલ્લેખ કરી જિલ્લામાં રહેતા લોકોને સાવચેતીરૂપે જાહેર સ્થળો પર ભેગા થવા પર પ્રતિબંધ મુક્યો છે. તથા શાળા કોલેજોનું શૈક્ષણિક કાર્ય પણ તા. ૨૯ માર્ચ સુધી મોકુફ કરી દીધુ છે જેને લઈને હિંમતનગર નગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે.

જે સંદર્ભે સોમવારે શહેરમાં આવેલા એક સ્થળે જાહેરમાં થુંકવા બદલ એક વ્યક્તિ પાસેથી પ્રથમ ભુલ બદલ સ્થળ પર નગરપાલિકાના કર્મચારીઓ રૂ. ૫૦નો દંડ વસુલ કરીને તેની પાવતી આપી દીધી હતી. દરમ્યાન નગરપાલિકાએ જાહેરનામાનો કડક અમલ થાય તે માટે આ કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રાખવા માટે નક્કી કર્યુ છે જે મુજબ મંગળવારે નગરપાલિકાના આરોગ્ય વિભાગના કર્મચારીઓએ ફરજના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોનો રાઉન્ડ લેવાનું શરૂ કરી દીધું છે.

નગરપાલિકા દ્વારા ડિઝલ ચોરીના દુષણને અટકાવવા નવી પદ્ધતિ અપનાવાઈ

જે તે વાહનના ડ્રાઈવરે નગરપાલિકામાંથી ડિઝલની કુપન લેવાની વ્યવસ્થા ગોઠવાઈ એક મહિનામાં નગરપાલિકાને અંદાજે એક લાખથી વધુની બચત થયાનો દાવો

હિંમતનગર

નગરપાલિકા સંચાલિત અનેક વાહનોમાં રોજબરોજ ડિઝલ અને પેટ્રોલનો ઉપયોગ કરાઈ રહ્યો છે ત્યારે ગત શનિવારે નગરપાલિકાના કાટવાડ સ્થિત ડમ્પીંગ સાઈટ પરથી એક નાના વાહનમાંથી તેનો ડ્રાઈવર ડિઝલ ચોરતા ઝડપાઈ ગયા બાદ આ શખ્સ વિરૂદ્ધ રવિવારે હિંમતનગર બીડીવીજન પોલીસમથકમાં કાયદેસરની ફરીયાદ નોંધાવાઈ હતી. જો કે અગાઉથી પાલિકાના સત્તાવાળાઓને વાહનોમાં પુરાવાતા ડિઝલમાં ગાલમેલ થતી હોવાની ગંધ આવી જતા ગત ફેબ્રુઆરી માસથી ડિઝલ પુરાવવા માટે કુપન સિસ્ટમ અમલી બનાવી છે જેના લીધે નગરપાલિકાને એક જ મહિનામાં રૂ. ૧ લાખથી વધુની બચત થઈ હોવાનો દાવો કરાયો છે.

આ અંગે નગરપાલિકાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પાલિકાના સંલગ્ન વિભાગ જેવા કે આરોગ્ય, દબાણ, સીટીબસ સહિતના અન્ય વિભાગોના વાહનોમાં રોજબરોજ ડિઝલ પુરાવવામાં આવે છે. દરમિયાન શનિવારે પાલિકાના કાટવાડ સ્થિત ડમ્પીંગ સાઈટ પર એક છોટા હાથીમાંથી તેનો ડ્રાઈવર ચાર લિટર ડિઝલની ચોરી કરતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. ત્યારબાદ આરોગ્ય વિભાગના વડા દ્વારા આ શખ્સ વિરૂદ્ધ રવિવારે ડિઝલ ચોરી બદલ હિંમતનગર બીડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

બીજી તરફ થોડા સમય અગાઉ પાલિકાની માલિકીના વાહનોમાં તેના ડ્રાઈવરો ઓછુ ડિઝલ પુરાવીને વધુ ડિઝલના બીલ પાલિકામાં રજુ કરીને કટકી કરતા હોવાનો માલુમ પડ્યુ હતુ. જેથી પાલિકાના ઉચ્ચ અધિકારીઓએ આ રજુઆતને ધ્યાનમાં લઈને ખાનગી રાહે તપાસ કરી હતી. જેમાં કેટલાક વાહનોમાં ડિઝલ ચોરી થતી હોવાનું જણાયુ હતુ જેથી નગરપાલિકાના સત્તાવાળાઓ અને ચીફ ઓફિસર અલ્પેશ પટેલ સાથે વિચાર વિમર્શ કરાયા બાદ પાલિકાના તમામ વાહનોમાં ડિઝલ પુરાવવા માટે ડ્રાઈવરે નગરપાલિકાના એકાઉન્ટ વિભાગમાંથી કુપન લેવાનું ફરજીયાત કર્યુ હતુ જેને લઈને નગરપાલિકાની એકજ મહિનામાં રૂ. ૧ લાખથી વધુની બચત થઈ હોવાનો દાવો કરાયો છે.

સગીરા પર દુષ્કર્મ કરનાર લીંબના હવસખોરને દસ વર્ષની સજા

હિંમતનગર, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના લીંબ ગામના એક શખ્સે છ વર્ષ અગાઉ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનની હદમાં રહેતા એક પરીવારની સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી પટાવી તેણીની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યુ હતુ. જે અંગેની ફરીયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ તે અંગેનો કેસ સોમવારે હિંમતનગરની કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશે લીંબના આ હવસખોરને દસ વર્ષની સજા અને રૂ. ૨૮ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનની હદમાં રહેતા એક પરીવારની ૧૪ વર્ષની સગીરાને તત્કાલિન સમયે બાયડ તાલુકાના લીંબ ગામના મુન્નો ઉર્ફે દેવેન્દ્રભાઈ કેશવદાસ સાધુ (ઉં.વ.૨૭)એ સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી પટાવી વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો. ત્યારબાદ અન્ય એક શખ્સે આ સગીરાનું અપહરણ કરવામાં મદદગારી કરી હતી.

સગીરાના વાલીવારસોએ તત્કાલિન સમયે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. જેની તપાસ કરીને ગ્રામ્ય પોલીસે આ કેસની ચાર્જશીટ સાબરકાંઠા જિલ્લાના સ્પે. જજ અને બીજા એડી. સેસન્સ જજની કોર્ટમાં રજુ કરી હતી. જે અંગેનો કેસ સોમવારે ચાલી જતા સરકારી વકીલ અરવિંદભાઈ પટેલે રજુ કરેલા પુરાવા અને દલીલોને ગ્રાહ્ય રાખી ન્યાયાધીશ એન.પી. ચૌધરીએ લીંબના હવસખોર મુન્નો ઉર્ફે દેવેન્દ્રભાઈ સાધુને સમાજમાં દાખલો બેસે તે આશયથી દસ વર્ષની સજા અને રૂ. ૨૮ હજારનો દંડ ફટકાર્યો હતો.

ગરમીનો પારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩૪.૬ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે આજે પણ ગરમીનો પારો ૩ ડીગ્રી ઉંચકાતા મહત્તમ તાપમાન ૩૭.૪ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જેના લીધે આજે દિવસ દરમિયાન નગરજનોએ આકરા તડકાનો અનુભવ કર્યો હતો. ગરમી આકરી બનતા નગરજનો હવે ઉનાળાની શરૂઆત થઈ ગઈ હોવાનો અહેસાસ કરી રહ્યા છે. જયારે બીજીતરફ ગરમીની અસરથી રોગચાળાનુ જોર પણ હળવુ પડશે તેવી આશ નગરજનોને બંધાઈ છે.

અસમંજસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કે નહીં તે અંગેનો અંતિમ નિર્ણય સોનિયા ગાંધી લેશે. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર આજ જયપુરના શિવ વિલાસ રિસોર્ટ ખાતે ઓલ ઈન્ડિયા કોંગ્રેસના ગુજરાત પ્રભારી રાજીવ સાતવની હાજરીમાં અને કેન્દ્રીય નિરીક્ષકો બી. કે. હરિપ્રસાદજી અને રજની પાટીલની ઉપસ્થિતિમાં તમામ ધારાસભ્યોઓએ સર્વાનુમતે એક લીટીનો ઠરાવ પસાર કરી રાજયસભાના ઉમેદવારો અંગેનો નિર્ણય કરવાની સત્તા કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીને સુપ્રત કર્યો છે. હાલ કોંગ્રેસના ૬૭ ધારાસભ્યો જયપુરની શિવ વિલાસ રિસોર્ટમાં રોકાયા છે. જો કે ૬૮માં ધારાસભ્ય અંબરીશ ડેર જયપુર જશે નહીં. તેમણે પાર્ટીની મંજૂરી લઈને ગાંધીનગરમાં જ રોકાવાનો નિર્ણય કર્યો છે. આમ, કોંગ્રેસ પક્ષમાં પાંચ ધારાસભ્યોના રાજીનામા બાદ ભારે દ્વિધાભરી પરિસ્થિતિનું નિર્માણ થયું છે, જેને ખાળવા પક્ષના દિગ્ગજો આકરી જહેમત ઉઠાવી રહ્યા છે.

સતત સફાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે કોરોનાથી બચવા માટે ડ્રાઈવર કંડકટર લીકવીડથી હાથ ધોઈને ફરજ બજાવશે. જયારે બસમાં પણ મુસાફરોને કોરાના અંગે સાવચેતી રાખવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. એસ ટી ડેપોનો તમામ સ્ટાફ તેમજ ડ્રાઈવર કંડકટરને પણ આ મામલે જરૂરી સુચના આપી દેવામાં આવી છે.

વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● ધનવંતરી આરોગ્ય રથ અન્વયે ૪૮૮૭૨ની ચકાસણી

જિલ્લાવાર ધનવંતરી આરોગ્ય રથ દ્વારા કેટલા શ્રમયોગીઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી તેવા પ્રશ્નના જવાબમાં શ્રમ અને રોજગાર મંત્રીના જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮માં ૧૮૭ અને વર્ષ ૨૦૧૯માં ૧૮૯ શ્રમયોગીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. જયારે શ્રમયોગીઓને સારવાર આપવા માટે પ્રાથમિક દવાઓ આપવામાં આવી અને નજીકની સરકારી હોસ્પિટલમાં રીફર કરવા સુધીના પગલા લેવાયા હતા.

કોરોનાની સ્થિતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

- દિલ્હીમાં નેશનલ મ્યુઝિયમ ૩૧મી માર્ચ સુધી બંધ રાખવાનો નિર્ણય
- અલ્હાબાદ યુનિવર્સિટીમાં પરીક્ષા ૩૧મી માર્ચ સુધી મોકૂફ કરાઈ
- મોટી સંખ્યામાં વિદેશી લોકો પણ સકંજામાં આવ્યા
- ટોકિયોમાં ઓલિમ્પિક ટોર્સ સાથે જોડાતા અનેક લોકલ કાર્યક્રમો રદ કરાયા
- રાજઘાટને ૩૧મી માર્ચ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો
- લાલ કિલ્લાને પણ કામચલાઉ બંધ રાખવાનો નિર્ણય કરાયો
- કોર્પોરેટ સેક્ટરના લોકોને ઘરેથી કામ કરવા માટે વિકલ્પ આપવામાં આવ્યા
- પુડુચેરીમાં બાર અને રેસ્ટોરન્ટ બંધ કરાયા
- અન્ય ધાર્મિક સ્થળો પણ ઝડપથી બંધ કરાઈ રહ્યા છે

કાળો કેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી. માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઈ રહ્યા છે. જાપાનમાં પણ કોરોના વાયરસના કારણે ભારે દહેશત છે. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હોંગકોગ, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, અમેરિકા, તાઈવાન, મલેશિયા અને જર્મની સહિતના દેશો વાયરસના સકંજામાં આવી ગયા છે. કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે. જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે.

લોકડાઉન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જે આદેશનું ઉલ્લંઘન કરશે તેને દંડિત કરવામાં આવશે. લોક ડાઉન સફળ બનાવવા માટે સરકારે એક લાખ પોલીસકર્મીઓને રસ્તાઓ પર તહેનાત કરવાનો નિર્ણય લીધો છે. અમેરિકા કોરોના વાઈરસને નાથવા વેક્સીનનું પરીક્ષણ કરી ચુક્યું છે, પરંતુ અમેરિકાને પણ લાગે છે કે આ બીમારી પર કાબુ મેળવવા માટે જુલાઈ-ઓગસ્ટ સુધી લાગી શકે છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતા રાષ્ટ્રપતિ ડોનાલ્ટ ટ્રમ્પે પહેલીવાર સ્વીકાર્યું કે અમેરિકાની અર્થવ્યવસ્થા મંદીના દૌરમાં જઈ શકે છે. કોરોના વાઈરસથી મંગળવાર સુધી ૧૬૨ દેશોમાં ઈન્ફેક્શન ફેલાયું છે. અત્યાર સુધી કુલ ૧,૮૨,૫૪૭ કેસ નોંધાયા છે. દુનિયામાં કુલ ૭,૧૬૪ લોકોના મોત થયા છે. સારી વાત એ છે કે ૭૯,૮૮૧ લોકો ઈન્ફેક્શનથી સાજા થઈ ગયા છે. ચીન, ઈટલી, સ્પેન અને ઈરાન સૌથી કોરોના પ્રભાવિત દેશો છે.

વધતા કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યાં કેસોની સંખ્યા વધીને ૪૦ ઉપર પહોંચી ચુકી છે. ભારતમાં ૨૨ વિદેશી લોકો પણ કોરોના વાયરસના સકંજામાં આવી ગયા છે. ભારતમાં કોરોના વાયરસને રોકવા માટે વિશ્વના અન્ય દેશોની તુલનામાં વધારે પગલા લેવામાં આવી રહ્યા છે.

વિદેશમાં ફસાયેલા ભારતીયોને પણ પરત લાવવામાં આવી રહ્યા છે. ભારતમાં કોરોના વાયરસ થયા બાદ ૧૩ લોકો સ્વસ્થ થઈ ચુક્યા છે. ભારતમાં કોરોનાના કારણે ત્રણેના મોત થયા છે. કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર અને જુદા જુદા રાજયોમાં પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે.